
॥ तस्य वाचकः प्रणवः ॥

# ઋતમ્ભરા

આત્મનો હિતાય જગતઃ સુખાય



'યોગ'ભિક્ષા લાવીઓ,'ભિક્ષુ'બની ગુરુદ્વાર;
મુમુક્ષુ જરૂર પામશે, સૌનો મુજમાં ભાગ.

મંદિર–મસ્જિદથી પણ, તેને બનાવનારો મહાન છે,
લાઠી–ગોળી ચલાવનારા! તું કેટલો નાદાન છે!
ચેતનને મારે, જડને જીવાડે, વાહ! તારી કમાલ છે!
સર્વ જીવને અભય આપે, તે જ સાચો ઈન્સાન છે.

— યોગભિક્ષુ

卐

વિશ્વવિનાશના સાધનો શોધવા માટે નહિ પરંતુ વિશ્વનિયંતાને ઓળખવા માટે જેઓ બુદ્ધિનો ઉપયોગ કરે છે તેઓ જ બુદ્ધિશાળી છે.

— યોગભિક્ષુ

# ઋતમ્ભરા

( ઋતમ્ભરા એટલે અનુભવયુક્ત સત્યથી ભરેલું )

( બહુજનહિતાય – બહુજનસુખાય )

APR. – MAY – JUNE – 1990–91

Vol–I (90–91) Issue–4 માનદ્ તંત્રી : નૈષધ વ્યાસ


## " નિર્ઝર ઝર્યું.... " નું લખાણ વૈજ્ઞાનિક દૃષ્ટિએ પણ સચોટ છે.

– હેમંત મહેતા

" નિર્ઝર ઝર્યું કે ગેબથી " અથવા "વિશ્વઅશાંતિનાં અતિ ગુપ્ત કારણોની મૌલિક રજૂઆત " નામની પુસ્તિકા, " વાતે વડાં કરનાર " વિશ્વશાંતિની અન્ય પુસ્તિકાઓ જેવી જ હશે તેવું આપણને સ્વાભાવિકપણે જ લાગે પરંતુ આમાં તેવું નથી. " નિર્ઝર ઝર્યું...." પુસ્તિકામાં રજૂ થયેલાં રહસ્યો વૈજ્ઞાનિક કસોટીએ પણ ખરાં ઊતરે એવાં છે, તે જોવાનો પ્રયત્ન નીચેનાં દૃષ્ટાંતો દ્વારા કરીએ. પુસ્તકમાં લખ્યું છે કે

**" સંહાર કરાયેલ જીવોની તીવ્રતમ વિરાટ–વિશાળ લાલસા કલ્પનાતીત સૂક્ષ્મરૂપ ધારણ કરીને સમષ્ટિ વિરાટ આકાશમાં ઘુમરાતી રહે છે. "**

હમણાં જ રેડિઓ ઉપર સાંભળ્યું કે વૈજ્ઞાનિકોએ એક પ્રયોગ કર્યો. કેટલાંક ઉંદરનાં બચ્ચાંઓને તેમનાં માતાપિતાથી દૂર કરી પાણીની અંદર કે જ્યાં નાદનો પ્રસાર ખૂબ સૂક્ષ્મ છે ત્યાં સબમરીનમાં લઈ ગયા. પાણીની બહાર રહેલા ઉંદરના મગજ ઉપર મશીન મૂકી ગ્રાફ લેવામાં આવ્યા. હવે પાણીની બહાર કોઈને જાણ કર્યા વગર ઉંદરનાં બચ્ચાંઓને અમુક સમયના અંતરે મારવામાં આવ્યાં. પાણીની બહાર રહેલા ઉંદરોનાં મગજના ગ્રાફ જોતાં માલૂમ પડયું કે જ્યારે જ્યારે ઉંદરનાં બાળકોને મારવામાં આવ્યાં ત્યારે ત્યારે ગ્રાફ ઉપર ઉલ્લેખનીય ફેરફાર નોંધાયા.

" નિર્ઝર ઝર્યું કે ગેબથી " પુસ્તિકામાં પૂ. યોગભિક્ષુજીએ આગળ લખ્યું છે કે :

**"... અમુક સમય સુધી આ પ્રમાણે થયા પછી તે (સંહાર કરાયેલા જીવોની તીવ્રતમ વિરાટ વિશાળ લાલસા) સમષ્ટિ પ્રાણવિદ્યુતના સંપર્કમાં આવીને વધુ સૂક્ષ્મ થઈને, પ્રાણવિદ્યુત સાથે ભળીને તેમાં મળી જાય છે, તેની સાથે એકરૂપ જેવી થઈ જાય છે. વ્યષ્ટિ, શ્વાસોચ્છ્વાસની ક્રિયા કરતી વખતે સમષ્ટિ પ્રાણવિદ્યુતને ગ્રહણ કરે છે, કે જેમાં અકાળે સંહાર કરાયેલા જીવોની લાલસા ભળેલી હોય છે. આ પ્રમાણેના ક્રમથી આ લાલસા રુધિરમાં પ્રવેશીને, વૃત્તિમાં પ્રસરી અને પછી મગજને ઉશ્કેરીને વેર, ઈર્ષા, દ્વેષ, બદલાની ભાવના વગેરેને ઉત્પન્ન કરાવે છે. "**

ખરેખર જ ભાવનામાં ખૂબ જ શક્તિ છે. પરદેશમાં વૈજ્ઞાનિકોએ એક પ્રયોગ કર્યો.

એક બહેન પોતાની સામે દીવાસળી જેવી સૂક્ષ્મ વસ્તુ રાખે અને એમ ભાવના કરે કે, વસ્તુ જે તેમની સામે પડી છે તે પોતાની

પાસે આવી જાય; તો લગભગ વીસ મિનિટમાં તે એની પાસે આવી જાય; હવે આ જ પ્રયોગ એક સો માણસો, કે જે લોકો એમ માનતા હતા કે આવું શક્ય જ નથી, તેમની હાજરીમાં કર્યો તો તે વસ્તુ નજીક આવતાં પાંચ કલાક લાગ્યા. આમ આ પ્રયોગથી સ્પષ્ટ થાય છે કે ભાવનાની અસર કેટલી વ્યાપક છે!

બીજો એક પ્રયોગ વનસ્પતિ ઉપર સાયકોમીટર દ્વારા કરવામાં આવ્યો. આ સાયકોમીટર એક એવું સાધન છે કે જેનો ઉપયોગ મનુષ્યના મગજ સાથે સંપર્ક કરીને ભયસૂચક અંક પ્રાપ્ત કરવા માટે થાય છે. આ મશીનને વનસ્પતિ સાથે બાંધવામાં આવ્યું. વનસ્પતિ સામે ઊભેલા માણસોએ એમ વિચાર કર્યો કે જો આ વનસ્પતિને સળગાવવામાં આવે તો? જ્યારે જ્યારે વનસ્પતિ સામે ઊભેલા મનુષ્યો આમ વિચારતા ત્યારે ત્યારે સાયકોમીટર ભયસૂચક અંક દર્શાવતું.

આમ "નિર્ઝર..."માં લખેલી મોટી મોટી વાતો કેટલી સચોટ છે તેનો ખ્યાલ આવે છે. માણસ આ બધું ભણે છે ગણે છે, છતાં પણ વિશ્વશાંતિના ઉપાયોનો અમલ કરી શકતો નથી. પૂ. યોગભિક્ષુજીએ ખૂબ સરસ કહ્યું છે કે,

**"માણસ સાચા અર્થમાં પૂરેપૂરો સ્વાર્થી પણ થઈ શકતો નથી!"**

ભાવનાની અસરો માટેનું બીજું એક ઉદાહરણ રામાયણમાં જોવા મળે છે. સીતાજીના સ્વયંવરમાં ધનુષ્યયજ્ઞ વખતે શિવજીનું ધનુષ્ય ઉપાડવાનું આવાહન થાય છે. પરંતુ ધનુષ્ય કોઈ ઉપાડી શકતું નથી. કેમ કે એક રાજા આવે અને તેનાથી ધનુષ્ય ઊંચકાય નહીં એટલે તે એમ ભાવના કરે કે મારાથી ના ઊંચકાયું તો કંઈ નહીં પરંતુ બીજાથી પણ તે ના ઊંચકાવું જોઈએ. તુલસીદાસજી તો એમ લખે છે કે જેમજેમ રાજાઓ ધનુષ્ય ઊંચકવાની કોશિષ કરતા ગયા તેમ તેમ ધનુષ્ય વધુ ને વધુ વજનદાર થતું ગયું. પણ જ્યાં રામ ધનુષ્ય ઉપાડવા ઊભા થયા ત્યારે આ ભાવના બદલાઈ ગઈ. લગભગ સૌ માનવા લાગ્યા–ઇચ્છવા લાગ્યા કે શ્રીરામ જરૂર ધનુષ્ય ઉઠાવી લેશે. શ્રી સીતાજી પણ મનોમન અનેક દેવી–દેવતાઓને પ્રાર્થવા લાગ્યાં કે શિવધનુષ્ય રામથી ઊંચકાઈ જાય. તેમણે ધનુષ્યને પણ પ્રાર્થના કરી કે તે હળવું બને, જેથી રામ ધનુષ્ય ઉપાડી શકે અને રામે ખૂબ સહેલાઈથી ધનુષ્ય ઉપાડ્યું.

રામાયણના આ પ્રસંગમાં પણ ભાવનાની અસર જોવા મળે છે.

"નિર્ઝર ઝર્યું..." પુસ્તિકાના અંતમાં પણ પૂ. યોગભિક્ષુજીએ ઋષિ અને વિજ્ઞાનીની ખૂબ સુંદર વ્યાખ્યા કરી છે.

**"અધૂરી શોધે સુખી થવા માટે જે જગ્યાએ વિજ્ઞાની થોભે છે, ઋષિ ત્યાં થોભતા નથી, તેમની એકાગ્રતા ત્યાં ભંગ થતી નથી. ઋષિની એકાગ્રતા છેવટના પરિણામને આંબી જાય છે. અધૂરી એકાગ્રતાએ હાથમાં આવેલાં રહસ્યોને–સુખોને ઋષિ જગત સમક્ષ મૂકતા નથી. ઉપલક દૃષ્ટિએ સુખ લાગતાં બાબતો, પ્રકરણો અને રહસ્યોના છેક છેડા સુધી પહોંચીને ઋષિ જાણી–સમજી લે છે કે 'આ સુખો પરિણામે દુઃખદાતા જ છે. આ સત્યને ઋષિ પોતાની સામર્થ્યયુક્ત એકાગ્રતાથી જાણી લે છે. ઋષિ અને વિજ્ઞાનીમાં ફક્ત આટલો જ ફર્ક છે. થોડું દિશાપરિવર્તન કરવાથી વિજ્ઞાનીને ઋષિ બનતા વાર નથી લાગતી."**

**"અધૂરો ઋષિ વિજ્ઞાની કહેવાય છે અને પૂરો વિજ્ઞાની ઋષિ કહેવાય છે અર્થાત્ અધૂરો શોધક વિજ્ઞાની અને પૂરો શોધક ઋષિ."**

# ગુરુપૂર્ણિમા મહોત્સવ શિબિર

(એક અહેવાલ)

સ્થળ : કલ્યાણ વિદ્યાલય

કલ્યાણપુરા (તા.કડી)

તા. ૨૦/૨૧/૨૨ જુલાઈ, ૮૯

– સંકલન : નૈષધ વ્યાસ

ગુરુપૂર્ણિમા એટલે ગુરુપંથાવલંબીઓનું મહાપર્વ. શાસ્ત્રાદેશ મુજબ દરેક શિષ્યે ગુરુપૂર્ણિમા નિમિત્તે ત્રણ રાત્રિ ગુરુસાંનિધ્યમાં વિતાવવી જોઈએ. આ કથન ઓમ્‌પરિવારના અનેક ગુરુભાઈબહેનોએ સત્સંગ-પ્રવચન દરમ્યાન સાંભળેલું અને ઘણે ઠેકાણે વાંચેલું. તેથી ઘણા સમયથી સૌની ઈચ્છા ગુરુપૂર્ણિમા નિમિત્તે ત્રણ દિવસની શિબિર યોજાય એવી હતી.

તો, ત્રણ દિવસની ગુરુપૂર્ણિમા શિબિર યોજવાનું બીડું ઝડપ્યું કલ્યાણપુરા ઓમ્‌પરિવારના સ્વયંસેવકોએ અને તેમને સથવારો સાંપડ્યો કલ્યાણ વિદ્યાલયના આચાર્યગણ અને વિદ્યાર્થીગણનો, કલ્યાણ પરિવારનો અને કલ્યાણપુરા ગામના રહેવાસીઓનો. ઓમ્ પરિવારના સ્વયંસેવકો તો સાથે હતા જ અને આમ આયોજન થયું એક દિવ્ય શિબિરનું.

સતત પંદરેક દિવસથી તડામાર તૈયારીઓ ચાલતી હતી. ડૉ. ભિક્ષુજી, પંકજભાઈ, વજુભાઈ, ભગવાનભાઈ, ધનજીભાઈ, વિઠ્ઠલભાઈ વગેરે મહાનુભાવોના માર્ગદર્શન હેઠળ તૈયારીઓ ચાલતી હતી. આબાલવૃદ્ધ સૌ શિબિરાર્થીઓને સહેજ પણ તકલીફ ન પડે તેવી વ્યવસ્થા જાળવવાનો પ્રમાણિક પ્રયત્ન ઉપરોક્ત મહાનુભાવો અને બીજા અનેક સ્વયંસેવકો દ્વારા થયો જેમનાં નામ ગણાવવા બેસીએ તો ખૂબ લાંબું લિસ્ટ થઈ જાય. ટૂંકમાં, શિબિરાર્થીઓએ વ્યવસ્થાની મુક્ત કંઠે પ્રશંસા કરી તે જ સ્વયંસેવકોના પ્રમાણિક પ્રયત્નનું પ્રમાણપત્ર છે.

આખરે જે દિવસની સૌ ડાગડોળે વાટ જોતાં હતાં તે દિવસ આવી ગયો. ૨૦ મી તારીખે લગભગ દોઢસોથી બસો ગુરુભાઈ-બહેનો લકઝરી, મેટાડોર, કારમાં તથા પોતાનાં વાહનોમાં કલ્યાણપુરા તરફ હંકારી ગયાં. અન્ય સૌ પોતપોતાની અનુકૂળતાએ એસ.ટી. બસમાં આવ્યાં. વ્યવસ્થાપકો અને આજુબાજુના ગ્રામવાસીઓ તો પહેલેથી જ ઉપસ્થિત હતા.

અહીં શિબિરનું જે સ્થળ કલ્યાણવિદ્યાલય તેના વિષે પણ થોડું જાણી લઈએ. ગામની બહાર ખૂબ વિશાળ જગ્યામાં આ વિદ્યાલય છે. તેની ચારે બાજુ ખેતરો છે. વિદ્યાલયમાં પ્રવેશતાં જ જાણે કોઈ તપોભૂમિમાં પ્રવેશતા હોઈએ એવી અનુભૂતિ થાય, તેની દિવ્યતામાં વધારો કર્યો 'ઓમ્ ગુરૂ ઓમ્'ની ધજાઓ, તોરણો, મોટા મોટા બેનરો અને જુદાં જુદાં સાઈનબોર્ડોના શણગારે, અરે ઓમ્ ગુરુ ઓમ્‌ની ધજા પતાકાઓ તો પ.પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજીના આગમનના રસ્તે પાંચેક કીલોમીટર સુધી ઝાડ ઉપર જુદે જુદે ઠેકાણે ફરફતી જોવામાં આવતી હતી.

સવારે લગભગ સાડા આઠ વાગે પૂ. ગુરુદેવનું આગમન થયું. કુમારિકાઓએ કુમકુમ અક્ષત અને ફુલહાર દ્વારા પૂજ્યશ્રીનું સ્વાગત

કર્યું. પ્રચંડ જનસમુદાય વ્યવસ્થિત ગોઠવાઈ ગયો અને પૂજ્યશ્રીની સાગૈયા – શોભાયાત્રા રૂપે કલ્યાણ વિદ્યાલય તરફ આગળ વધ્યો. એક વક્તા સૂત્રો બોલાવતા હતા અને શોભાયાત્રામાં જોડાયેલાં તથા ઘરની અગાશીઓ અને બારીબારણાંઓમાં ઊભેલાં સૌ કોઈ ઝીલતાં હતાં : **ભૌતિકતાને ભગાડીએ, આત્મિકતાને આરાધીએ; જીવ સર્વેને સન્માનીએ, તો શાંતિને પામીએ.**

સૂત્રોચ્ચારનો અવાજ એટલો મોટો હતો કે ઢોલ–શરણાઈ અને અવારનવાર ફૂટતા ફટાકડાઓનો અવાજ પણ તેમાં દબાઈ જતો હતો. આમ આનંદોત્સાહના હિલોળા લેતાં સૌ કલ્યાણ વિદ્યાલયમાં પ્રવેશ્યાં અને ત્યાંથી પ્રાર્થના હૉલમાં ગોઠવાયાં. ત્યાં સૌને દૂધની પ્રસાદી આપવામાં આવી. પ્રસાદી લીધા બાદ કાર્યક્રમની શરૂઆત થઈ.

શ્રી વજુભાઈ પટેલે કલ્યાણપુરા ગામ વતી ઉપસ્થિત સૌનું સ્વાગત કર્યું અને સૌને સગવડ પડે તે માટે પૂછપરછની ઑફીસ, મુખ્ય ઑફીસ, બુકસ્ટોલ, ભાઈ-બહેનોના અલગ અલગ ઉતારા, જાજરૂ, બાથરૂમ તથા રસોડાની વ્યવસ્થા ક્યાં ક્યાં કરેલાં છે તેની વિગતવાર માહિતી આપી. ત્યારબાદ ત્રણેય દિવસના કાર્યક્રમ વિષેની માહિતી આપવામાં આવી અને તેને સ્કૂલના નોટિસબોર્ડ ઉપર અને ગામના ચોરે લગાવેલા બોર્ડ ઉપર લખી દેવામાં આવ્યો.

# બુદ્ધિની મંદતાને ટાળવાનો અમોઘ ઉપાય–
# દીર્ઘપ્રણવોચ્ચાર

પ્રણવવંદનાથી સ્વાધ્યાયની શરૂઆત થઈ. ગુરુઆરતી, ગુરુમહિમા અને સદ્‌ગોરાની આરતી બોલ્યા બાદ સૌએ સ્વાધ્યાયક્રમ મુજબ દીર્ઘપ્રણવોચ્ચાર કર્યો. ઇશારાથી સૌને આગળ બોલતાં અટકાવીને ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી કહે :

"ઓ... મ..." દીર્ઘપ્રણવોચ્ચાર; ઓમને દીર્ઘમાત્રામાં, દીર્ઘઉચ્ચાર કરીને બોલીએ એને દીર્ઘ પ્રણવોચ્ચાર કર્યો કહેવાય.

"**જે વિદ્યાર્થીઓ ભણવામાં સહેજ મંદ હોય એમની મંદતા ટાળવા માટે આ દીર્ઘપ્રણવોચ્ચાર એ અમોઘ ઉપાય છે.** તમારે એનો પ્રયોગ કરવો હોય તો કરી જોજો. ખાસ કરીને શિક્ષક ભાઈબહેનોએ આ વાત ખાસ યાદ રાખવાં જેવી છે અને તેનો પ્રયોગ કરવા–કરાવવા જેવો છે. જે વિદ્યાર્થીઓ ભણવામાં મંદ હોય, ભણવા સિવાયની બાબતોમાં પણ તેમનામાં બુદ્ધિની મંદતા હોય એના માટે ગાયત્રીમંત્ર કરતાં પણ ચડિયાતો આ દીર્ઘપ્રણવોચ્ચાર છે. ગાયત્રીમંત્ર પણ બુદ્ધિનો મંત્ર છે, બુદ્ધિને શુદ્ધ કરીને બુદ્ધિને તેજ કરે છે. પછી એથી આગળ જઈએ તો દીર્ઘપ્રણવોચ્ચાર; પછી તેનાથી ઉપર પછી એકેય ઉપાય નથી.

"અત્યાર સુધી જે સ્વાધ્યાય કર્યો તેમાં કુદરતી રીતે જ આપણો વિકાસ થાય એવાં રહસ્યો ગોઠવી દીધેલાં છે. લાગે છે સાવ સામાન્ય સ્વાધ્યાય કરી રહ્યા છીએ, તેથી સ્વાધ્યાય ચાલતો હોય ત્યારે આપણે બહાર ફરતા હોઈએ અને પછી ઇચ્છા રાખતા હોઈએ કે ગુરુજનો આવ્યા છે અને માથે હાથ મૂકી દેશે એટલે બેડો પાર થઈ જશે,

કાં તો સોનાના સિક્કા કાઢીને આપી દેશે! અરે! આ સ્વાધ્યાયરૂપી સોનાના સિક્કા અપાતા હોય ત્યારે આપણે બહાર ફરતા હોઈએ.

"દીર્ઘપ્રણવોચ્ચાર બુદ્ધિની મંદતાને સપાટામાં ભગાડે. એક મહિનાના પ્રયોગમાં જે ભણવામાં તૈયાર ન થતો હોય તે તૈયાર થાય. તેનો અખતરો કરવો હોય તો કરી જોજો."

આટલા પ્રવચન બાદ સ્વાધ્યાય આગળ ચાલ્યો. સ્વાધ્યાય પત્યા બાદ પૂજ્યશ્રીએ આશીર્વચનમાં કહ્યું:

# નેવાંનાં મોભે ચઢાવીએ ત્યારે ખરા

"આપણે કેટલે કેટલે દૂરથી અહીં આવ્યાં છીએ. સૌની કેટલા સમયની એવી ઇચ્છા હતી કે ગુરુપૂર્ણિમાનો ઉત્સવ ત્રણ દિવસ સુધી ઊજવાય અને સૌએ ગુરુદેવ સાથે ત્રણ દિવસ સુધી રહીએ.

(આ વાત ચાલતી હતી ત્યાં લક્ષ્મણભાઈ પેશાબ કરવા ઊઠયા. ગુરુજી કહે,) લક્ષ્મણભાઈ કેમ ઊઠયા? (લક્ષ્મણભાઈએ આંગળીના ઇશારાથી સમજાવ્યું. પૂજ્યશ્રી કહે) તમને આશીર્વચન વખતે જ?! આશીર્વચન ચાલે છે અત્યારે તો; પણ તમને બહુ જરૂર નહીં આશીર્વચનની કેમ? અરે! ખરું મુદ્દાનું તો અત્યારે હું કહી રહ્યો છું. એ ના સાંભળીએ એમ કેમ ચાલે? હાજત થઈ હોય તો પાંચ મિનિટ બેસી રહેવાય. તો આ લક્ષ્મણભાઈ તો અમારે ઘરના કહેવાય એટલે એમને બહુ જોરદાર કહીને બીજાને સંભળાવી દેવાનું.

"તો મુખ્ય વાત ચાલતી હતી કે કેટલા સમયની આપણી મહત્ત્વાકાંક્ષા કે ગુરુપૂર્ણિમા ત્રણ દિવસ સુધી ઉજવવી છે, ત્રણ દિવસ સુધી ગુરુદેવ સાથે રહેવું છે. વજુભાઈ, ભગવાનભાઈ, ધનજીભાઈ, વિઠ્ઠલભાઈ અને બીજા ઘણા બધા ભાઈઓની મદદથી આ ત્રણ દિવસનો લહાવો આપણને મળી રહ્યો છે. તેનો જશ ખાટી ગયું છે આ કલ્યાણપુરા ગામ, કલ્યાણ વિદ્યાલય. નામ જ કેટલું સુંદર છે! કલ્યાણ વિદ્યાલય. વિદ્યાલય તો ઘણાં બધાં હોય પણ આ તો કલ્યાણ વિદ્યાલય, વિદ્યાનો ભંડાર. કેવી વિદ્યાનો ભંડાર? કે જે કલ્યાણ આપે. કેવળ ભૌતિકતા નહીં, કલ્યાણ જોઈએ કલ્યાણ.

"**વિદ્યા શા માટે? કલ્યાણ માટે, કલ્યાણની પ્રાપ્તિ કરવા માટે, ભૌતિકતામાંથી મુક્ત થવા માટે, આધ્યાત્મિકતાનું સાચું મૂલ્ય સમજવા માટે.** તો, આ કલ્યાણ વિદ્યાલયમાં આપણે ત્રણ દિવસ આ મહોત્સવ ઊજવી રહ્યા છીએ. તેથી ત્રણ દિવસ સુધી જે કાંઈ કાર્યક્રમ થાય તેમાં બરાબર હાજરી આપવી જોઈએ. નાછૂટકે આઘુંપાછું થવું પડે એ વાત જુદી પણ મનમાં સતત એ આગ્રહ હોવો જોઈએ કે આટલે બધે દૂરથી, ઘરની જંજાળમાંથી, ઘરના પ્રપંચમાંથી મુક્ત થઈને અહીં આવ્યાં છીએ તો ત્રણેય દિવસના કાર્યક્રમોમાં પ્રમાણિકપણે હાજરી આપીએ. જો ઘરે કરતાં હતાં એ જ અહીં પણ કરવું હોય તો અહીં આવ્યા જ શા માટે?

"ઘડીક પ્રમાદ આવવા લાગે ને ઘડીક ઊંઘ આવવા લાગે અને 'ઊંઘ બગાસું મોકલે, જા બગાસા તું; તારાથી જો નહીં ઢળે તો ઢાળી દઈશ હું.' એમ થવા લાગે. મારાથી બેસી શકાતું નથી અને મારો વાંહો ફાટે છે

ને ઘડીક હું આરામ કરીશ; ને અડધો કલાકની રજા લઈને ગયો હોઉં અને પછી સાંજ સુધી આવું જ નહીં. પછી અમે ગોતીએ કે ફલાણાભાઈ ક્યાં ગયા છે. અમારી આંખ તો ફરતી જ હોય કે ક્યા ક્યા ભાઈ આમાં આઘાપાછા થાય એમ છે. પછી જોઉં કે ક્યા ક્યા ભાઈ આમાંથી આઘાપાછા થયા છે? પરાણે પરાણે આ ત્રણ દિવસનો કાર્યક્રમ રખાવ્યો અને પછી અહીંથી ગુટલી કોણ મારી ગયું છે? કારણ કે અમારું તો એ કામ છે. **સત્સંગમાં તો કંટાળો આવે અને પરાણે સત્સંગ સંભળાવવો એ કામ તો અમને સોંપાયેલું છે.** તો, સૌને વિનંતી કરીએ છીએ કે જે કાંઈ આ ત્રણ દિવસનો કાર્યક્રમ છે તેમાં પ્રમાણિકતાથી, ઉત્સાહપૂર્વક ભાગ લેવાનો છે. કેમ ફલાણાં-બેન કે ફલાણાભાઈ બહાર રખડી રહ્યા છે, એમ કહેવું પડે એ તો કંઈ રીત છે?

"ભૂખ લાગી હોય તો પચાસ માણસની વચ્ચે થઈને આમ આમ કરતા, (માથું આગળ પાછળ હલાવવાનો ઇશારો કરીને) માથું મારતા મારતા ઘૂસી જઈએ છીએ અને અહીં જો બોલાવવા પડે તો એમ થાય કે ભૂખ લાગી નથી. શરમે–ભરમે, વહેવાર રાખવા, કોઈને સારું લગાડવા આવીને બેઠા છીએ. 'હવે આ બાવાજી ક્યારે લપ છોડે ને ક્યારે અહીંથી ઊભા થઈએ. પકડીને મૂક્યા છે એવા બંધનમાં કે ઉઠાતુંય નથી અને બેસાતુંય નથી; નથી ગમતું એમ કહેવાતુંય નથી અને જવાતુંય નથી.' એમ મનમાં ન થાય – જો આપણને કલ્યાણની કિંમત સમજાણી હોય, આધ્યાત્મિકતાનું મૂલ્ય સમજાઈ ગયું હોય, મનુષ્યજન્મને સાર્થક કરી લેવો હોય, ફરીને ચોર્યાશીલાખના ચક્કરમાં ન આવવું હોય, ઊંધે માથે લટકવું ન હોય, સુખદુઃખના ઝપાટામાંથી કાયમ માટે મુક્ત થઈ જવું હોય. એના માટે થઈને સંતોએ પોતાનું જીવન આપણને અર્પણ કરી દીધું છે. પોતાનું વ્યક્તિગત સુખ છોડીને, ચેનકેન પ્રકારેણ કેમ આપણે આ બધી વાતોમાં રસ લઈએ, એવો એ પ્રયત્ન કરી રહ્યા છે.

"તો, ફરીફરીને વિનંતી કે આ ત્રણ દિવસના કાર્યક્રમમાં બરાબર ઉપસ્થિત રહેવાનું છે. આટલા વાગ્યા પછી આ કાર્યક્રમ છે અને આટલા વાગ્યા પછી આ કાર્યક્રમ છે; તો આપણને એમ થાય કે ક્યારે આટલા વાગે ને આ કાર્યક્રમમાં જઈએ, ક્યારે આટલા વાગે ને આ કાર્યક્રમમાં હાજરી આપીએ. નહીં તો પછી ઘરે કરતા'તા એમ; ખાધું, પીધું અને સૂઈ ગયા. ગણેશપુરીવાળા મહાત્માજી કહેતા કે, 'બહુત ખાયા, ઔર બહુત હગ દિયા; ક્યા કિયા મનુષ્ય જન્મ પ્રાપ્ત કરકે?' તો આ વાત બરાબર ગાંઠે બાંધવાની છે કે જે ત્રણ દિવસની આપણે રાહ જોતા હતા એ ત્રણ દિવસ આપણને મળ્યા છે અને એ ત્રણ દિવસનું નિમિત્ત બન્યું છે આ કલ્યાણપુરા, કલ્યાણ વિદ્યાલય અને આપણા મિત્રો કે જેમનાં નામ ગણાવવા બેસું તો પાર ન આવે.

આવા કાર્યમાં નિમિત્ત બનવું એ પણ ભગવાનની મહાકૃપા હોય, માતાપિતાના આશીર્વાદ હોય, કેટલાય જન્મોના સંસ્કાર–સુકૃત ભેગાં થયાં હોય ત્યારે શક્ય બને છે. નહીં તો જેવા તેવામાં, ગમે એમાં, જેમાં અપયશ મળે, જેમાં અકલ્યાણ થાય, એવામાં તો નિમિત્ત સૌ બની જાય. વિષ્ટાનો કીડો બની જવું એ તો સહેલું છે, એમાં શું હતું? **મોભનાં પાણી નેવે આવે એ તો એનો સ્વભાવ છે, નેવાંનાં પાણી મોભે જાય!**

કામ-ક્રોધમાં ઘસડાવું એ તો સ્વભાવ છે, વગર પ્રયત્ને કામ અને ક્રોધમાં ઘસડાવાના છીએ, ઢાળ ઉપરથી પાણી નીચે આવે એ તો એનો સ્વભાવ છે પણ નેવાંનાં મોભે ચઢાવવાનાં છે, એમાં પ્રયત્ન કરવાનો છે, કલ્યાણ પ્રાપ્ત કરવામાં પ્રયત્ન કરવાનો છે.

## ....હવે વાંહો ફાટવાની યાદ આવી, એનો મતલબ શું?

"કેટલે કેટલે દૂરથી આપણે અહીં આવ્યાં છીએ, શા માટે? સતત આમાં રહીએ સ્વાધ્યાયમાં રહીએ, ગુરુસંતો સાથે રહીએ, ઓમ્‌પરિવારનાં ભાઈબહેનો સાથે રહીએ, સતત ત્રણ દિવસ આમાં કાઢીએ એટલા માટે. આપણે ઘરે હોઈએ અને ઓચિંતું કોઈ કામ આવે કે ભાઈ! નોકરીને વાંધો આવે એવું છે કે મેનેજરને ખોટું લાગે એવું છે કે આમ થાય એવું છે કે તેમ થાય એવું છે, એ વખતે જો એકાદ બે ડિગ્રી તાવ ચડ્યો હોય ને તાવ! તો પણ હુહુ....હુહુ....હુહુ... કરતાં ખાટલામાંથી બેઠા થઈએ, વિચારીએ કે, 'નોકરી જશે, સાહેબને કંઈક કહેવું પડશે, લાગવગ લગાડવી પડશે.' પણ અહીં જરાક વાંહો દુઃખવા આવે તો? હાલો કરો આરામ. તરત પૂછપરછ વિભાગમાં પહોંચી જઈએ. 'ફલાણાભાઈ, સૂવાની વ્યવસ્થા ક્યાં કરી છે? ગાદલાં-ઓશિકા છે કે નહીં? આરામની વ્યવસ્થા ક્યાં કરી છે?

"તો એટલી આપણને કલ્યાણની ઓછી કિંમત સમજાણી છે. એમ ન થાય કે અરે! વાંહો ફાટતો હોય તો ભલે ફાટતો હોય: આ શરીરનું કામ શું હતું બીજું? આજ સુધી તો વાંહો ફટાવતા રહ્યા, લૌકિક પ્રપંચમાં વાળ ધોળા કરી નાખ્યા, દાંત પડી ગયાં, ચશ્માંય આવી ગયા, ઘૈડાય થઈ ગયા, (ઉપર) જવાની તૈયારીય થઈ ગઈ. ફાટફાટ જુવાની હતી એ બધી એમાં વેડફી નાખી ત્યારે વાંહો ફાટવાની યાદ આપણને ન આવી અને હવે જો વાંહો ફાટવાની યાદ આપણને આવી તો એનો મતલબ શું? ઓછી કિંમત સમજાણી છે. 'લાલ મારી બહુચરા' કરી રહ્યા છીએ આપણે. સૌ કરી રહ્યા છે માટે આપણેય કરો. એની કિંમત આપણને સમજાણી નથી. નહીં તો પ્રવચન ચાલતું હોય ત્યારે એક એક કરતાં બધાં ઊઠી જાય પરંતુ એનો ખરો રસિયો હોય એ શેનો ઊઠે? કોણ ઊઠ્યું અને કોણ બેઠું છે એનું ભાન પણ શેનું હોય એને?

## આવા બધા પ્રસંગો મહાશોકને ટાળનારા છે

"વળી આ તો ભજન-સત્સંગ; અને ભજન ચાલી રહ્યું હોય ત્યાં ભોજન એ તો પ્રસાદ ગણાય. મહાશોકને ટાળનારા આ બધા પ્રસંગો છે. આમાં કોઈ પ્રકારનો શોક પણ ન હોય. કોઈ લોકાચારની દૃષ્ટિએ શોકમાં હોય તો પણ અહીં એને શોક શાનો? એનું એક દૃષ્ટાંત આપું:

પહેલાં ખાખરિયા ટપ્પાના ગામમાં અમે બહુ ફરતા. એક ગામથી બીજે અને ત્રીજે ગામ જતા. એક ગામમાં હોઇએ ત્યારે જ આગળનો કાર્યક્રમ બીજા ગામોમાં ગોઠવાઈ જતો. આ રીતે એક ગામનો કાર્યક્રમ પતાવી અમે ખાવડ આવ્યા. ખાવડમાં કાર્યક્રમ પતાવી જયદેવપુરા જવાનું હતું. ખાવડમાં જ રોકાણ હતું તે દરમ્યાન જયદેવપુરાથી સમાચાર આવ્યા કે અમુક અમુક બહેનનાં બા ગુજરી ગયાં છે તેથી ત્યાંનો કાર્યક્રમ રદ કરી

નાખ્યો છે; તો આ સમાચાર બાપુને આપી દેજો. ખાવડ આવતાં પહેલાં અમને આ સમાચાર મળી ગયા હતા. તેથી અમે બીજે ગામ કાર્યક્રમ ગોઠવવાનું વિચારતા હતા. પેલાં બહેનના પતિ પણ અમારી સાથે હતા. પેલાં બહેનને ખબર પડી કે એમનાં બાના ગુજરી જવાથી એમને ઘેર રાખેલો સત્સંગ કેન્સલ કર્યો છે. આવા સમાચાર પેલાં બહેનને મળ્યા કે તુરત જ તેમણે બે માણસોને દોડાવી સંદેશો મોકલાવ્યો.

'જાઓ જાઓ, બાપુ ખાવડ હશે. ત્યાંથી નીકળી ન જાય. ધન્ય ઘડી ધન્ય ભાગ્ય. મારાં બા ગુજરી ગયાં છે તો એ નિમિત્તે બાપુને સાધુસંતોને સ્પેશ્યલ અહીં બોલાવીએ, સત્સંગ ગોઠવીએ. મારે શોકેય નથી અને કાંઈ નથી. મારાં બા દેવ થઈ જાય અને એમની પાછળ સત્સંગ–ભજન થાય, સૌ આધ્યાત્મિક પ્રેમીઓ પ્રસાદ લે એવો રૂડો દિવસ બીજો કયો!

"તો, અમે ખાવડથી નીકળતા હતા અને આ સમાચાર મળ્યા. પેલા ભાઈઓને ચોકસાઈ ખાતર પૂછ્યું તો તેઓએ કહ્યું કે તે બહેને જાતે અમને મોકલ્યા છે. આમ જયદેવપુરાનો કાર્યક્રમ યથાવત રહ્યો. ધન્ય છે એ બહેનની સમજણ ને!

"કોઈનું મરણ થાય ત્યારે આપણે ગરુડપુરાણ બેસાડીએ છીએ, ગીતાનું વાંચન કરીએ છીએ. આમ ગમે તે નિમિત્તે ભોજન અને ભજનનો કાર્યક્રમ ગોઠવીએ છીએ. નાનું મરણ હોય, મોટું મરણ હોય, જુવાન મરણ હોય કે વૃદ્ધ મરણ હોય, ગમે તેવા મરણ પાછળ આપણે કાંઈક ગોઠવીએ છીએ; ભજન અને ભોજન, ભોજન અને ભજન.

"તો, આ દૃષ્ટાંત શા માટે આપ્યું? એ સમજાવવા માટે કે આવા આધ્યાત્મિક પ્રસંગોમાં કોઈએ શોક રાખવો નહીં. શોક હોય તેણે વધુ સત્સંગ–ભજન કરવું. **શોક ટાળવા માટે તો સંત્સંગ છે."**

પૂજ્યશ્રીના આશીર્વચન બાદ સૌએ પ્રસાદ લીધો અને આરામ કર્યો. બપોરનો કાર્યક્રમ શરૂ થવાનો બેલ વાગ્યો એટલે સૌ પોતપોતાના રૂમમાંથી બહાર નીકળી પ્રાર્થના હૉલમાં ગોઠવાઈ ગયાં. હવે નો કાર્યક્રમ સત્સંગનો હતો. બસ! ત્રણ દિવસ આધ્યાત્મિકતામાં જ સંત્સગ–ભજનમાં જ રમમાણ કરવાનું હતું. આવતી કાલના ગુરુપૂર્ણિમા ઉત્સવની જાણે પૂર્વ ભૂમિકા બાંધતા હોય, ગુરુપૂર્ણિમા મહાપર્વની મહત્તા સમજાવી રહ્યા હોય એ રીતે જ બપોરના કાર્યક્રમની પૂજ્યશ્રીએ શરૂઆત કરી:

## ગુરુપૂર્ણિમા–રાષ્ટ્રિય મહાપર્વ

"ગયે વર્ષે આ કાર્યક્રમ અહીં જ થવાનો હતો પરંતુ રાજ્યની અશાંત પરિસ્થિતિને કારણે આપણો કાર્યક્રમ કેન્સલ કરવો પડ્યો. આ વર્ષે પણ આમંત્રણ પત્રિકા છપાઈને રવાના ન થઈ ગઈ હોત તો આ વખતનો કાર્યક્રમ પણ કેન્સલ થઈ જાત. પરંતુ પત્રિકા રવાના કર્યાં બાદ તોફાનો શરૂ થયાં. અસ્તુ.

"ગુરુપૂર્ણિમાનો ઉત્સવ એ કેવળ ધાર્મિક-આધ્યાત્મિક નથી; એ તો રાષ્ટ્રિય મહાપર્વ છે. ગમે એવાં તોફાનોમાં પણ એની ઉજવણી થવી જોઈએ. **શાંતિ ઉપર ગુરુપૂર્ણિમાની ઉજવણીની જબરજસ્ત અસર થાય છે. ગુરુપૂર્ણિમાનો ઉત્સવ એ કોઈ ગુરુનો નહીં, કોઈ ધર્મનો નહીં, કોઈ સંપ્રદાયનો નહીં પરંતુ એ તો રાષ્ટ્રનો**

ઉત્સવ છે. જ્યારે આવું અશાંત વાતાવરણ હોય ત્યારે તો વિશેષ રૂપે ઊજવાવો જોઈએ. કેમ ? એ વખતે સૌ પોતાના ઘેર નહોતાં ખાવાનાં ? સૌ પોતાના ઘેર ખાવાના તો હતાં જ; અહીં બધાંએ ભેગાં થઈને ખાધું, પરંતુ સૌ પોતાને ઘેર હોત તો સત્સંગ થાત નહીં, ભજન થાત નહીં, ધૂન થાત નહીં; એ બધું અહીં થશે અને એ બધાની અસર વાતાવરણ ઉપર નહીં થાય ? થશે જ. જો એની અસર વાતાવરણ ઉપર ન થતી હોત તો શા માટે જપ કરીએ છીએ, શા માટે માળા ફેરવીએ છીએ ?! એ બધાની અસર વાતાવરણ ઉપર થાય છે એમ માનીએ છીએ, ત્યારે એ બધું કરીએ છીએ. તો જ્યારે આવું અશાંત વાતાવરણ હોય ત્યારે તો જરૂર આ બધું થવું જોઈએ.

"જ્યારે આગ લગી હોય ત્યારે તરત પાણીની જરૂરત પડે. તો, આવી તોફાનો રૂપી આગ માટે આ પાણી છે. આવું વાતાવરણ હોય ત્યારે તો વિશેષ પ્રમાણમાં આવા કાર્યક્રમો કરવા જોઈએ, આવા કાર્યક્રમોને કેન્સલ ન કરાય. કોઈ, કદાચ ટીકા કરે કે આપણા રાજ્યનું–દેશનું વાતાવરણ કેવું અશાંત છે અને અહીં બધાં કેવાં જલસા કરી રહ્યાં છે !? જલસા કઈ રીતે ? કેટલે કેટલે દૂરથી, કેટલું કષ્ટ વેઠીને સૌ આવ્યાં છીએ. ખાવાનું તો ઘરેય ખાવાનાં હતાં અને અહીં પણ ખાવાનાં છીએ. પણ અહીં જે સત્સંગ–ભજન ઇત્યાદિ થઈ રહ્યાં છે તે ઘરે ન થાત. આ, હું જે બોલી રહ્યો છું તે ઘેર હોત તો બોલવાનો નહોતો. તમારી સમક્ષ આવ્યો છું તો બોલી રહ્યો છું, બોલવું પડે છે, તમે સૌ બોલાવી રહ્યાં છો. તો, આ ત્રણ દિવસ જે સત્સંગ–જપ–ભજન ઇત્યાદિ થશે તે ઘરે હોત તો ન કરી શકત. આ જે કાંઈ કરી રહ્યા છીએ તેની અસર વાતાવરણ ઉપર જરૂર થશે. અશાંત પરિસ્થિતિમાં તો આવા કાર્યક્રમોની ઉજવણી જરૂર થવી જોઈએ. અસ્તુ."

## ગુરુચરણોમાં શું મૂકીશું ?

"દર ગુરુપૂર્ણિમાએ આપણે સૌ ભેગાં થઈએ છીએ, સત્સંગ કરીએ છીએ અને આવી બધી વાતો ચર્ચીએ છીએ, સમજીએ છીએ, વાગોળીએ છીએ. તમે સૌ ગુરુચરણોમાં કાંઈ ને કાંઈ મૂકો પણ છો. પરંતુ આ વખતે તો તમને સૌને જે પત્રિકા મોકલેલી છે તેમાં જ આ પ્રમાણે લખેલું છે—'ગુરુચરણોમાં શું મૂકીશું ?'

"ગુરુચરણોમાં આપણે જે કાંઈ સ્થૂળ ચીજવસ્તુઓ મૂકીએ છીએ, માત્ર એ જ મૂકવાનું નથી. અમદાવાદમાં આ પત્રિકા વાંચીને એક ભાઈ બીજા ભાઈને પૂછતા'તા કે આમાં લખ્યું છે કે ગુરુજનોને રૂપિયા અને ડોલરથી ખરો સંતોષ થતો નથી; તો પછી આપણે ગુરુજનોના ચરણોમાં શું મૂકવાનું ? એ ભાઈ સમજ્યા કે રૂપિયા ડોલરથી સંતોષ થતો નથી તો ગુરુજનોને એથી કાંઈ વધુ જોઈતું હશે; ખેતર, પાધર, ગાડી, ફેક્ટરી. તો આપણે શું મૂકવું જોઈએ ? પેલા ભાઈએ સમજણ પાડી કે સ્થૂળ વસ્તુની તો વાત જ નથી, બીજું જ કાંઈ મૂકવાનું છે.

"ગુરુસંતોના ચરણોમાં આપણે મસ્તક નમાવીએ છીએ. મસ્તક નમાવવાનો શું અર્થ છે ? હવે અમે તમને સમર્પણ થઈ ગયાં. આપણે જેમને સમર્પણ થઈ ગયાં હોઈએ પછી તો એમને જેમ ગમતું હોય તેમ જ

કરવું જોઈએ ને. સમર્પણનો અર્થ શું? પણ હકીકતમાં આપણે મસ્તક જ નમાવીએ છીએ, સમર્પણ થતાં નથી, અંદરના અહંકારને મૂકતાં નથી. મસ્તક નમાવ્યું એટલે શું સમર્પણ કર્યું એ આપણે સમજતાં જ નથી અને સમજાવવામાં આવે છે ત્યારે સમજવા માગતાં નથી! આપણે કોઈને સમર્પણ થઈ જઈએ એટલે પછી આપણો આપણા ઉપર કોઈ અધિકાર રહેતો નથી. પછી આપણી પસંદ–નાપસંદ એ આપણા હાથની વાત નથી. **જેમને સમર્પણ થયાં છીએ એમને શું પસંદ છે, શેનાથી એ પ્રસન્ન થાય છે, એમનું જીવન કેવું છે, એમના જીવનનું ધ્યેય શું છે, એ આપણી પાસે શું કરાવવા ઇચ્છે છે? એ બધું આપણે કરવું જોઈએ. નમનનો અર્થ વાસ્તવિક રીતે જોતાં એ છે.** તેથી આમાં (પત્રિકામાં) કહ્યું છે– ગુરુચરણોમાં શું મૂકીશું?

**"હવે એવું કાંઈ મૂકતાં રહીએ કે જે આપણને પરમસંતોષ પ્રાપ્ત કરવામાં વિઘ્નરૂપ હોય, આવરણરૂપ હોય. રૂપિયાની એક કોથળી ભરેલી હોય અને તેમાંથી બે–પાંચ બે–પાંચ રૂપિયા કાઢતા જઈએ તો એક દિવસ એ કોથળી ખાલી થઈ જાય. તેવી જ રીતે આપણા હૃદયમાં, આપણા મનમાં, આપણી વૃત્તિમાં જે દુર્ગુણો છે, જે અજ્ઞાન છે, જે ખોટી સમજણ છે એ એક પછી એક મૂકતાં જઈએ તો એક દિવસ એવો આવે કે તમામ દુર્ગુણોથી આપણે મુક્ત થઈ જઈએ.**

**ના મળે સંતોષ જ્યાં સુધી,**
**સર્વ કાંઈ કચરો માત્ર.**

"ગુરુપૂર્ણિમાની આમંત્રણ પત્રિકામાં પદ્યની બે લીટી લખેલી છે:

**અષ્ટસિદ્ધિ નવનિધિ : અને**
**મળે અક્ષયપાત્ર,**
**ના મળે સંતોષ જ્યાં સુધી**
**સર્વ કાંઈ કચરોમાત્ર.**

મનુષ્યને ખોટી સમજણના કારણે, અજ્ઞાનના કારણે કદી સંતોષ પ્રાપ્ત થતો નથી. ઓચિંતાં જ આવાં તોફાનો ફાટી નીકળે છે એની પાછળ કયું રહસ્ય કામ કરે છે? અસંતોષ. મનુષ્ય સતત અસંતોષની આગમાં સળગતો રહે છે. અસંતોષની આગથી એ સતત ઉગ્રતા ધારણ કરેલો રહે છે, ઉષ્ણ રહ્યા કરે છે. જેમ એક ઘડો કાંઠા સુધી પાણીથી ભરેલો હોય પછી તેમાં ફક્ત એક પ્યાલોય પાણી રેડીએ તો પાણી બહાર છલકાઈ જાય. એમ અસંતોષ રૂપી આગથી ઘટ ભરાયેલો છે, કાંઠા સુધી–ગળા સુધી આવી રહેલો છે અને પછી એક થોડી મામૂલી બહારની પરિસ્થિતિ, બહારની ગરમીની અસર એના ઉપર થાય છે એટલે અંદર જે ગરમી ભરેલી છે એ બહાર ભભૂકી ઊઠે છે, એ (મનુષ્ય) પોતાના મગજનું સમતોલપણું ખોઈ બેસે છે, સહનશક્તિનું દેવાળું કાઢે છે અને એ બધાંનો સરવાળો એટલે જ આ સામૂહિક તોફાનો. માણસ પોતાના ઉપરનો કાબૂ પૂરેપૂરો ખોઈ બેસે પછી શું થાય? અને કાબૂ શાના કારણે ખોઈ બેસે છે? અસંતોષના કારણે. અસંતોષ શેના કારણે છે? અજ્ઞાનતાના કારણે. અજ્ઞાનતા શેના કારણે છે? ગુરુ–સંતોના સંપર્કમાં ન રહેવાના કારણે અથવા ગુરુસંતોના સંપર્કમાં રહેવા છતાં એમનું કહેલું, એમનું ઉપદેશેલું જીવનમાં

ન મૂકવાના કારણે. આજ સુધી એ વાતને ગોળ ગોળ ફેરવીને કહેવામાં આવી. આજે એ વાતને સીધી કહી દેવામાં આવી છે.

"ગુરુ–સંતોના ચરણોમાં સ્થૂળ વસ્તુઓ- પાઈ–પૈસો, રૂપિયો–ડોલર, જમીન–જાગીર મૂકીએ એ ઠીક છે. જ્યાં સુધી જીવન છે ત્યાં સુધી એ બધી વસ્તુઓની જરૂરત છે જ વળી આપણી આર્ષ પરિપાટી મુજબ ગુરુ– સંતોની શારીરિક આવશ્યક્તાઓનો બોજ. એમના પ્રેમીઓ સહર્ષ ઉપાડી લેતા હોય છે. એ કાંઈ ખોટું છે એમ કહેવાનો મતલબ નથી, પરંતુ એટલું જ કરીને સંતોષ માની લેવો અને પછી બેસી રહેવું એ બરાબર નથી એ નુકસાની જ છે. **જ્યાં સુધી અસંતોષ ટળે નહીં, સંતોષ પ્રાપ્ત થાય નહીં ત્યાં સુધી આપણને કાંઈ જ પ્રાપ્ત નથી થયું. "સંતોષાત અનુત્તમ સુખલાભ:"** પતંજલિ મુનિએ યોગદર્શનમાં સંતોષ માટે આ સૂત્ર લખી દીધું છે, કે સંતોષથી એવા સુખની પ્રાપ્તિ થાય છે કે જે સુખથી ઊંચું બીજું કોઈ સુખ હોઈ જ ના શકે. જો તેમણે સંતોષ માટે સૂત્ર બનાવ્યું. તો સંતોષ એ કેટલી મહત્ત્વની વસ્તુ હશે, જીવનમાં એનું કેટલું મૂલ્ય હશે અને એની ગેરહાજરીથી જીવન કેટલું દરિદ્રી, કેટલું પાંગળું, કેટલું પરવશ, કેટલું નિર્બળ, કેટલું સત્ત્વહીન ! ?

"એક દેશ બીજા દેશ સાથે લડે, એક ગામ બીજા ગામ સાથે લડે, એક સમાજ બીજા સમાજ સાથે લડે, એક પડોશી બીજા પડોશી સાથે લડે, એક પરિવારની અંદર પરસ્પર સભ્યો લડે; શાના કારણે ? સંતોષ નથી, તૃપ્તિ નથી, તેથી.

**ગોધન, ગજધન, વાજીધન,**
**ઔર સકલ ધન ખાન;**
**જબ આવે સંતોષધન,**
**સબ ધન ધૂલી સમાન.**

ગાયો રૂપી, હાથી રૂપી, ઘોડા રૂપી ધન, એમ અનેક પ્રકારનું ધન આપણી પાસે હોય તોય સંતોષ મળે છે? આપણો અનુભવ છે કે બળતરા તો ચાલુ જ છે. ઘેરથી નક્કી કરીને નીકળ્યા છીએ કે ત્રણ દિવસ અહીં સત્સંગમય જ રહેવું છે; છતાં કેવી સ્થિતિ છે? પરમાત્માની જેમના ઉપર પરમદયા ઊતરી હશે એવા બે-ચાર વિરલાઓ જ સત્સંગનો ખરો આનંદ માણતા હશે. બાકી તો સગડી ઉપર મૂકેલી ખીચડી જેમ ખદબદ ખદબદ થતી રહે તેમ મગજ ખદબદતું હશે, અહીંયાં બેઠાં હોવા છતાં. હવે આ અડધો કલાક ક્યારે પૂરો થાય અને ફલાણું કામ કરી આવું; કાર્યક્રમ ક્યારે પૂરો થાય અને ઢીંકણું કામ કરી આવું–એ જ દશા ! સંતોષ નથી. અરે ! ત્રણ દિવસ આ કાર્યક્રમ માટે કાઢેલા છે; આખી જિંદગી બીજાં કામોમાં ગઈ ત્યારે ત્રણ દિવસ એ કામ નહીં કરીએ તો શું થઈ જવાનું છે? મરી જઈશું ? દુનિયા ઊથલપાથલ થઈ જશે ? બાળબચ્ચાં મરી જશે ? ખાવા નહીં મળે ? ત્રણ દિવસ એ સ્થૂળ કામ નહીં કરીએ તો કશું આઘુ- પાછું થવાનું નથી. સાવ મામૂલી વાત અને છતાં સમજાતી નથી, દીવો લઈ અને કૂવે પડવા જાય છે.

"તો, એ અસંતોષ; માણસનો એ અસં- તોષ ન જાય ત્યાં સુધી તેના મગજમાં જીવડા ખદબદવાના. ઘરે જીન હોય; મિલ હોય, હાથમાં મોટરગાડી હોય, તમામ સુખસગવડ હોય પણ એ સુખસગવડનો આનંદ તેને મળવાનો નહીં. જીનની ગાદી ઉપર બેઠો હોય કે મોટરમાં બેઠો હોય, એનું મગજ ખદબદવાનું. બાહ્ય સંપત્તિનો મોટો પથારો થઈ જાય એથી કાંઈ શાંતિ મળવાની હતી ? અરે ! આટઆટલી સંપત્તિ હોવા છતાં તેની દીર્ઘસૂત્રતાના કારણે, તેની અજ્ઞાનતાના કારણે તેને તો ઠીક પણ પાછલાંનેય દિવાળી નહીં,

હોળી થાય છે. પાછળનાં ભેગાં થઈ, એ સંપત્તિના ભાગ પાડવા માટે કોર્ટે ચડે અને પછી જીવનભર કોર્ટની મુદતો ચાલુ ને ચાલુ, ચાલુ ને ચાલુ. પેલું મકાન એ તો ભૂતિયો મહેલ થઈ રહ્યું ! જે મકાન માટે લડાઈ ચાલી રહી છે એ તો ભૂતિયો મહેલ થઈ ગયું. કોર્ટનો ફેંસલો આવે ત્યારે એનો ભોગવટો ભોગવવા જાય ને? આમ વાસ્તવમાં તો પાછલાંનીય શાંતિ નષ્ટ થઈ જાય. તમે તો આખી જિંદગી હેરાન હેરાન થઈ ગયા અને હવે પાછળ તમારાં બાળબચ્ચાં છે, આશ્રિતો છે એમનાય ભૂક્કા બોલાવતા જાવ ! એનું નામ જ જીવતાંય સાપ અને મૂઆ પછીયે સાપ. "સાપ થાય" એટલે પેલો વાંકોચૂકો ચાલે છે એવો થોડો થાય અને ખજાના પર બેસે !? જેના મરી ગયા પછીયે પાછળનાંને સુખ ન મળે તે સાપ થયો કહેવાય.

"ધોતિયે થીગડાં દીધાં, પહેરણે થીગડાં દીધાં, ચણા–ગોળ ખાધા અને ભેગું કરતો ગયો – કરતો ગયો, પણ એની વ્યવસ્થા ન કરતો ગયો. જબ આવે સંતોષ ધન, સબ ધન ધૂલી સમાન. આખી જિંદગી સુધી આ સાંભળતાં રહીએ પરંતુ કરવાનું શું ? તેનું એક દૃષ્ટાંત છે.

"પોપટને એના માલિકે શિખવાડી રાખ્યું હતું કે શિકારી આવે ત્યારે ઊડી જજે. પણ ઊડી જજે એટલે શું ? શિકારી એટલે શું ? એની પોપટને થોડી ખબર હતી ? પોપટ તો ફક્ત બોલતો જ હતો કે શિકારી આવે એટલે ઊડી જજે – ઊડી જજે. એક વાર એના માલિકે તેને ઊડવા માટે પિંજરાની બહાર કાઢ્યો. પોપટ તો ઊડવા લાગ્યો. ઊડતો ઊડતો શિકારીએ જ્યાં જાળ નાખી હતી ત્યાં ગયો અને એમ બોલતો બોલતો બિછાવેલી જાળમાં બેસી ગયો કે શિકારી આવે એટલે ઊડી જજે, શિકારી આવે એટલે ઊડી જજે ! બીજા પોપટો પણ જાળમાં ફસાએલા હતા પરંતુ તેમનામાં અને આનામાં ફર્ક શું ? પેલા તો વગર બોલ્યે આવીને ફસાઈ ગયા અને આ તો – શિકારી આવે એટલે ઊડી જજે –એમ બોલતાં બોલતાં ફસાયો. અને પછી ? શિકારી જાળનો ગોટો વાળીને ઘેર ગયો. ઘેર જઈ બધા પોપટનાં પીંછાં કાઢતો ગયો, શિકારી પીંછાં કાઢતો ગયો. ત્યાં સુધી પેલો પોપટ 'ઊડી જજે, ઊડી જજે, ઊડી જજે, એમ કરતો રહ્યો અને પછી ઊ.............., થઈ રહ્યું. બોલતી બંધ થઈ ગઈ.

"આવી વાતો તો રોજ સાંભળતાં રહીએ છીએ, બોલનારના ગળાના કાકડાય ઘસાઈ જાય છે બોલીબોલીને. પણ એનો અમલ કોણ કરે ? એક જ વ્યક્તિ જો થોડો પણ અમલ કરે તો પાર ઊતરી જાય."

"ભિક્ષુબોધોત્સવમાં, કોણ દીક્ષા માટે તૈયાર થાય છે એ વાત કરી હતી અને આ વખતે, ગુરુચરણોમાં શું મૂકીશું એ વાત થઈ રહી છે. કોણ છે એવો વિરલો કે જે સંતોષધન પ્રાપ્ત કરવામાં જે વિઘ્નો છે તેને ગુરુચરણોમાં મૂકે છે; જાહેર કરે છે કે આજથી મેં આ મૂક્યું, તેલનું ટીપું અને હીરની ગાંઠ. હું આમ કરીશ એવું મોઢામાંથી નીકળે એટલે ગરદન કપાઈ જાય પણ એમાં ફરક શેનો પડે? ગુરુસંતો સમક્ષ એક શબ્દ બોલી ગયા પછી એમાં આઘુંપાછું થવાય શેનું ? જીભ કપાઈ ગઈ. ગુરુસંતો રસ્તામાં મળે અને રસ્તામાં ધૂળ–માટી હોય તોય લાંબા થઈને દંડવત્ માંડીએ ઝીંકવા ! એક ને બે ને ત્રણ ને... ગુરુજી કહે : હંહં ભાઈ, હંહં ભાઈ ! આપણે ભલે ના કહીએ તોય હજી બેચાર, હજી બેચાર. અરે ! પણ એ

દંડવત્‌ને શું કરવા છે? એ દંડવત્‌ તો બાહ્યોપચાર છે. દંડવત્‌ ના કરો એમ અમારું કહેવાનું નથી, પરંતુ એ તો સાવ સ્થૂળ વિધિ છે. કેવળ સ્થૂળ વિધિનો કંઈ જ ફાયદો નથી. કદાચ બાહ્યોપચાર ન કરતા હો અને જે જે કંઈ કહેવામાં આવે છે એ મણકાની માળા બનાવો, તો તે સાર્થક જપ છે. આમ તો માળા રોજ ફેરવીએ છીએ – ભાગ પારો પારો આવ્યો! અને માળા ફેરવતાં ફેરવતાં મન તો પાછું ખદબદતું જ હોય તો એવા જપને શું કરવાના?

"સંબ ધન ધૂલી સમાન. ફક્ત એક સંતોષનો જ જો થોડો પણ આસ્વાદ તમે લઈ જુઓ, લઈ જાણો તો ખબર પડે કે આજ સુધી છોતરાં જ ચૂસ્યાં; જે કાંઈ પોતાનું નહોતું એની પાછળ જ દોટો મૂકી, એને જ તમે પોતાના માન્યું. ભૌતિક સંપત્તિ કે જે બિલકુલ કામની નહોતી એની વાંહે જ ચેતન દોડતો રહ્યો! પંચભૂત વાંહે ચેતન આત્મા ભાગાભાગ કરતો રહ્યો, મૃગજળ વાંહે મૃગલો દોડતો રહ્યો, હાંફી ગયો અને છતાં શું આવ્યું એના હાથમાં!? કેવી સુંદર વાત છે, કેવી મૂલ્યવાન વાત છે! સાંભળીએ છીએ ત્યારે અંદરના કેટલા પડદા ખૂલી જાય છે? સાંભળતાં જ જે કેટલાંય આવરણોને તોડી નાખે છે તેનું જો આચરણ થાય તો? અજ્ઞાન, કેટલાય જન્મોનો પંચમહાભૂતનો અધ્યાસ વગેરે જલદી નથી નીકળતાં. ફક્ત એક દિવસ ગુરુજી પાસે રહીએ છીએ તેથી એને કાઢી શકવાની તાકાત નથી આવતી; તેથી આ વખતે ત્રણ દિવસ રહેવું છે. આપણું એ અજ્ઞાન કેમ ના ટળે? આપણો એ અસંતોષ કેમ ન જાય? ગુરુદેવના ચરણોમાં, સંતોષની આડું જે આવે છે એ કેમ ના મૂકી શકીએ? બહારની દુનિયામાં નામ કાઢવા કેટલી બધી શૂરવીરતા દેખાડીએ છીએ અને આમાં નામ કાઢવાનું મન કેમ નથી થતું? કે ફલાણાભાઈએ તો સંતચરણોમાં પ્રતિજ્ઞા લીધી હતી એ પૂરી કરી! એવી શૂરવીરતા આપણને કેમ નથી ચડતી!? શું આપણે કમભાગી છીએ? શું ભગવાને આપણને જેટલી ઇંદ્રિયો આપવી જોઈએ એટલી નથી આપી?

"ગુરુપૂર્ણિમા મહોત્સવ આવતીકાલે ઊજવીશું તે વખતે ગુરુચરણોમાં શું મૂકીશું? આજે આટલી વાત કરી તમને સૌને તૈયાર કર્યાં, કે કાલે જ ગુરુપૂર્ણિમા છે; શું મૂકવું છે? પત્રિકામાં તો એ વાત લખીને તમને સૌને જણાવી દીધેલી જ છે કે :–

**"સંપૂર્ણ સંતોષ પ્રાપ્ત થાય તેવું તમારા ગુરુ તમને કદી આપે છે? ગુરુજનો પાસેથી તેવું લેવાનો તમે કદી પ્રયત્ન કર્યો છે? જ્યાં સુધી તેવું આપીશું નહીં ત્યાં સુધી તેવું મળશે ક્યાંથી? સાચા ગુરુ–સંતોને સોનું–રૂપું કે રૂપિયા–ડૉલરથી ખરો આનંદ નથી થતો; તેઓ તો 'લઘુ'ને 'ગુરુ' બનાવીને રાજી થાય છે. તેઓ આપણને 'ગુરુ' બનાવી શકે તેવી ભેટ આપણે કદી તેમના ચરણોમાં મૂકી છે? ક્યારે મૂકીશું? શું ત્યારે કે જ્યારે – શું કહું મારી કથની ભેરુ, કાળિયા સાંઢે ખેતર ભેળ્યું!? જેવી સ્થિતિમાં મૂકાઈ જઈશું?**

"ગુરુ સંતોને સાચી રીતે રાજી કરવા હોય તો એમના ચરણોમાં શું મૂકીશું? જે સંતોષ પ્રાપ્ત કરવામાં આપણને આડું આવે છે, તે. બીજી કોઈ સાધના ન કરીએ – યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, સમાધિ, નામ, જપ, તપ, શ્રાવણ–પુરુષોત્તમ

માસ, દાન–ધર્મ–પુણ્ય, યજ્ઞયાગ ઇત્યાદિ કાંઈ જ ન કરીએ અને ફક્ત ગુરુ–સંતોમાં નિષ્ઠા રાખીને દર ગુરુપૂર્ણિમાએ એક એક દુર્ગુણને મૂકતા જઈએ કે જે આપણને બરાબર કનડતો હોય, તો બાર ગુરુપૂર્ણિમાએ સંતોષધનની પ્રાપ્તિ થાય.”

આટલા પ્રવચન બાદ પૂજ્યશ્રી ધ્યાનમગ્ન થઈ જાય છે. હવેનો કાર્યક્રમ ધૂનનો છે તેથી સૌ કોઈ પૂજ્યશ્રીના આદેશની રાહ જોતાં બેઠાં છે. ગાયત્રી મંત્ર, સંકટમોચન મંત્ર, નમઃ શિવાય મંત્ર વગેરેમાંથી કયા મંત્રની ધૂન બોલવી તે માટેના આદેશની રાહ જોવાઈ રહી છે; ત્યાં તો પૂજ્યશ્રી આંખો ઉઘાડે છે; સૌની પ્રતીક્ષાયુક્ત આંખો તરફ નજર માંડે છે અને સહજ જ ધૂન બોલાવવા માંડે છે. જે મંત્રની ધૂન પૂજ્યશ્રી બોલાવી રહ્યા છે તે મંત્ર આજ સુધી કોઈએ સાંભળ્યો નથી! ગુજરાતીમાં મંત્ર છે તેથી મંત્રનો ભાવાર્થ તો સૌ કોઈને ખ્યાલ આવી જાય છે, પરંતુ મંત્ર સૌના માટે નવો છે, તેથી સૌના ચહેરા પર વિસ્મય ડોકાઈ રહ્યો છે. મંત્રના શબ્દો પણ એવી રીતે ગોઠવાયેલા છે કે જેને સહેલાઈથી, ખૂબ સુંદર ઢાળમાં (સુરમાં) ગાઈ શકાય છે. પૂજ્યશ્રી નિજાનંદમાં મસ્ત બનીને પ્રચંડ અવાજે ધૂન બોલાવે છે:

**ઓમ્ ગુરુ પરમાત્મા**
**સૌને બનાવો દિવ્યાત્મા...**

ઉપસ્થિત સૌ કોઈ ભક્તિભાવપૂર્વક ધૂન બોલે છે. પંદરેક મિનિટની ધૂન બાદ પૂજ્યશ્રીની વાણીગંગા વહેવા લાગે છે:

“અનેક ભાષાઓમાં મંત્રો છે; સંસ્કૃતમાં ઘણા બધા મંત્રો છે પરંતુ હમણાં જે બોલ્યા તે ગુજરાતી ભાષાનો મંત્ર છે. દેશમાં અવારનવાર જે તોફાનો ફાટી નીકળે છે એ કેમ શીઘ્ર ઓછાં થઈ શાંત થઈ જાય, તેવી જેમની ઇચ્છા હોય; તે માટે પ્રયત્ન કરવા ચાહતા હોય તેમણે રોજ સવારમાં આ મંત્ર કરવાનો નિયમ રાખવો; કે જે મંત્ર કરતી વખતે એનો અર્થ આપણે પોતે સમજતા રહીએ છીએ.

“પરમગુરુ કોણ છે? પરમાત્મા. અને એ પરમાત્માનું મુખ્ય નામ શું છે? ઓમ્. આ ઓમ્‌ની (પૂજ્યશ્રી ઓમ્‌ના ફોટા તરફ હાથ કરી કહી રહ્યા છે) જે આકૃતિ છે એ ઓમ્‌ની મૂર્તિ છે. “અ”ને કાનો માત્ર ‘ઓ’ અને અડધો “મ્” એમ લખીએ ત્યારે એ ભાષામાં લખાયો. પરંતુ જ્યારે આમ (હાથથી હવામાં ૐનું ચિત્ર દોરીને) લખીએ ત્યારે એ લખાયો નહીં પણ એ ઓમ્‌ની આકૃતિને આપણે ચીતરી. રામ–કૃષ્ણ વગેરે અવતારીના ફોટા તો તમે જોયા છે. પરંતુ **પરમાત્માનો ફોટો તમે જોયો છે? આ ઓમ્‌નો ફોટો છે એ પરમાત્માનો ફોટો છે.**

“હમણાં જે મંત્રની ધૂન બોલ્યા એ મંત્રને તમે બોલતા જાવ ત્યારે એ મંત્રના અર્થની તમને ખબર પડતી જાય કે તમે શું બોલી રહ્યા છો. કારણ કે એ ગુજરાતી ભાષામાં છે. ઓમ્ ગુરુ પરમાત્મા સૌને બનાવો દિવ્યાત્મા. ગુરુ કોણ છે? પરમગુરુ કોણ છે? પરમાત્મા. પરમાત્માનું મુખ્ય નામ ઓમ્ છે અને એ પરમાત્માની મૂર્તિ આ ફોટા પ્રમાણે છે. તો એવા પરમાત્માને આપણે શું પ્રાર્થના કરી? હે પરમાત્મા, હે પરમગુરુ, કે જેમનું નામ ઓમ્ છે એવા તમે, સૌને દિવ્યાત્મા બનાવો. કેવી માગણી કરી લીધી? જેમ પેલા સત્યવાન–સાવિત્રીની વાત છે ને કે સાવિત્રીએ ન માંગું ન માંગું કરીને બધું માંગી લીધું. એમ આમાં શું માંગ્યું? સૌને બનાવો દિવ્યાત્મા. જેટલા આત્માઓ છે એ બધામાં દિવ્યતા મૂકો. જો મનુષ્યમાં દિવ્યતા આવી

જાય, દરેક આત્મા દિવ્યાત્મા બની જાય તો શાંતિ એની મેળાએ જ આવે. જે અશાંત થઈ ગયાં છે, જે દિવ્યાત્મા મટી ચૂક્યા છે, એ બધાને દિવ્યાત્મા બનાવવાની આ પ્રાર્થના છે. કોને ? સીધી પરમગુરુ પરમાત્માને; વચ્ચે કોઈ નહીં. તો જે ઇચ્છતા હોય કે પોતાના હૃદયમાં, પોતાના સમાજમાં, ગુજરાતમાં, ભારતમાં, વિશ્વમાં શાંતિ રહે, તો એણે દરરોજ આ મંત્રના અમુક જાપ કરવાનો નિયમ રાખવો."

(ક્રમશઃ)

મહાત્માઓ નિરાભિમાની જ હોય છે. નિરાભિમાનીપણાના કારણે જ તેઓ એક પછી એક આધ્યાત્મિક શિખરોને સર કરી લે છે. હું યોગી નથી પણ યોગભિક્ષુ છું. તેથી મને ભૂત–ભવિષ્યનું કાંઈ જ્ઞાન નથી, હું તો વર્તમાનની ભૂમિ ઉપર નક્કરપણે–ચોક્કસપણે સ્થિર રહેવા માગુ છું. ॥૨૬॥

વૈષેશિક, મીમાંસા, ન્યાય, વેદાંત, સાંખ્ય અને યોગ એ છયે દર્શનો ભિન્ન ભિન્ન રીતે આત્યંતિક સુખ આપવાની યુક્તિઓ–પ્રયુક્તિઓ આપણને ભેટ ધરે છે, તેથી છયે દર્શનોમાં એકતા છે. આ રીતે જાણવું એ પણ "યોગઃ કર્મસુ–કૌશલમ્" છે. આ વિષય, તપ અને સાધનાનો છે; વાદવિવાદનો નથી. ॥૨૭॥

દ્વૈત, અદ્વૈત, દ્વૈતાદ્વૈત, વિશિષ્ટાદ્વૈત કેવલાદ્વૈત અને ત્રૈત તે બધાનો પ્રતિપાદ્ય વિષય છે – હેય, હેયહેતુ, હાન અને હાનોપાય. ॥૨૮॥

—યોગભિક્ષુ

॥ ૐ ॥

## -: ઓ. પ્રે. પ. ટ્રસ્ટનાં પ્રકાશન :-

| | | |
|---|---|---|
| ૧. | ગુરુમહિમા (યોગરહસ્યોથી ભરપૂર) | ૨૫-૦૦ |
| ૨. | મુક્તા (યોગદર્શનનો સમાધિપાદ) | ૨૨-૦૦ |
| ૩. | શાંતા ( „ સાધનપાદ) | ૨૨-૦૦ |
| ૪. | મારા ગુરુદેવ (જીવન અને સાધનાની અનુભૂતિઓ) | ૧૬-૦૦ |
| ૫. | ઈશ્વરની ઓળખ [ઈશ્વર કોને કહી શકાય ?] (ઓમ્ વિષેની માહિતી) (ત્રીજી આવૃત્તિ) | ૯-૦૦ |
| ૬. | મૈત્રી (ગુજરાતી) વિશ્વશાંતિનું યોગરહસ્ય | ૨-૦૦ |
| ૭. | મૈત્રી (અંગ્રેજી) „ „ | ૨-૫૦ |
| ૮. | પૂ. શ્રીમાં ઈશ્વરદર્શન (દક્ષિણ ભારત અને અમેરિકાની યાત્રા) | ૪-૦૦ |
| ૯. | સત્સંગપરાગ (પસંદ કરાયેલાં સુવાક્યો) | ૨-૦૦ |
| ૧૦. | નિર્ઝર ઝર્યું કો ગેબથી (ગુજરાતી) (વિશ્વઅશાંતિનાં ગુહ્ય મૌલિક કારણો) | ૫-૦૦ |
| ૧૧. | નિર્ઝર ઝર્યું કો ગેબથી (હિન્દી અને અંગ્રેજી) | ૧૦-૦૦ |
| ૧૨. | „ „ (અંગ્રેજી) | ૭-૦૦ |
| ૧૩. | ગુરુપૂર્ણિમા (ગુરુપૂર્ણિમાનો મહિમા ગાતી અદ્વિતીય પુસ્તિકા) | ૩-૫૦ |
| ૧૪. | ઈઝીએસ્ટ ઈઝ રીઅલાઈઝેશન (અંગ્રેજી) (જીવન ઉપયોગી લેખો) | ૫-૦૦ |
| ૧૫. | ઓમ્ પરિવાર „ „ | ૧-૦૦ |
| ૧૬. | ધ્યાન શા માટે ? (ગુજરાતી અને અંગ્રેજી) | ૩-૦૦ |
| ૧૭. | ઓમ્ નારાયણનાં સુંદર સુરેખ ચિત્ર | ૫-૦૦ |
| ૧૮. | ઈશ્વરકી પહચાન (ઓમ્ વિષેની વિસ્તૃત માહિતી સૂત્ર ૨૪ થી ૨૯ પાતંજલ યોગદર્શન સમાધિપાદ તથા બીજા મૌલિક લેખો) | ૧૧-૦૦ |
| ૧૯. | સ્વાધ્યાય | ૮-૦૦ |
| ૨૦. | મારે સમાજને બેઠો કરવો છે. (પૂ. મોટાના વાક્યની મૌલિક સમજ) (બીજી આવૃત્તિ) | ૯-૦૦ |
| ૨૧. | પ્રેરણાસિન્ધુ (તહેવારો વિષેની તાત્ત્વિક સમજ) | ૬-૫૦ |
| ૨૨. | પ્રેરણાપીયૂષ (ગુરુપ્રેમભિક્ષુજીના પ્રેરણાદાયી પત્રો) | ૮-૦૦ |
| ૨૩. | કડવું અમૃત (બીજી આવૃત્તિ) | ૧૦-૦૦ |
| ૨૪. | કાન્ત ચિન્તન (પૂ. ગુરુદેવ અને ટ્રસ્ટના પરિચય સહિત) | ૧૭-૦૦ |




क्लेश, कर्म, कर्मों के फल और वासनाओं से विमुक्त अैसा विशेष चेतन (वेही अेक मात्र) अीश्वर हैं। अीश्वर संपूर्ण सर्वज्ञ हैं। अीश्वर त्रिकालिन गुरुओं के भी गुरु हैं; काल से अुन का छेदन-भेदन नहीं हो सकता। अीश्वर का नाम प्रणव (ओम् = ॐ) है। ओम् का मार्थक जप करने से आत्मसाक्षात्कार होता है और अन्तरायों का अभाव हो जाता है।

---

● ટ્રસ્ટના ઉદ્દેશો :-

(૧) સર્વ વ્યાપક પરમ સૂક્ષ્મ ચેતન તત્વ કે જેનું નામ પ્રણવ (ઓમ્-ૐ) છે તેની પ્રતીતિ બહુજન સમાજને કરાવવા પ્રયત્ન કરવો. (૨) 'યોગ'નો પ્રચાર, પ્રસાર અને સંશોધન કરવા પ્રયત્ન કરવો. (૩) સમાજનું નૈતિક ધોરણ ઊંચુ લાવવા માટે આધ્યાત્મિક જ્ઞાનનો સાહિત્ય દ્વારા પ્રચાર અને પ્રસાર કરવાનો પ્રયત્ન કરવો. (૪) આ ઉપરાંત 'બહુજનહિતાય -બહુજનસુખાય'ને લગતાં કાર્યો જેવાં કે કેળવણી, તબીબી સારવાર વગેરે કરવા માટે પ્રયત્ન કરવો.

## સ્વાધ્યાય-સત્સંગ-મિલન

તા. ૩૧-૩-૯૧ રવિવાર

શાંતિનાથ મહાદેવ, થલતેજ ટેકરા, અમદાવાદ.

## લવાજમ દર :-

| | | |
|---|---|---|
| વાર્ષિક સભ્ય | (ભારતમાં) | રૂ. ૧૨-૦૦ |
| આજીવન સભ્ય | ,, | રૂ. ૨૫૦-૦૦ |
| વાર્ષિક સભ્ય | (પરદેશમાં) | ૧૨ ડૉલર |
| આજીવન સભ્ય | ,, | ૨૫૦ ડૉલર |

### ● લવાજમ મોકલવાનું સ્થળ ●

(૧) ડૉ. સોમાભાઈ એ. પટેલ
૧/અ, પલિયડનગર,
સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ રોડ,
નારણપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.

(૨) નૈષધ સી. વ્યાસ
૩, ગંગાધર સોસાયટી, રામબાગ પાછળ,
મણીનગર, અમદાવાદ - ૩૮૦ ૦૦૮.

### ● સૂચના ●

(૧) લવાજમ ચેક દ્વારા અથવા મનીઑર્ડર દ્વારા "ઓ. પ્રે. પ. ટ્રસ્ટ" ના નામે મોકલવું સાથે આપનું પૂરું નામ, સરનામું શુધ્ધ અક્ષરોમાં લખી મોકલવું.

(૨) જે સભ્યનાં રહેઠાણનાં સ્થળ બદલાયાં હોય તેમણે તેમના નવા રહેઠાણનું પૂરું સરનામું લખી મોકલવું જેથી વ્યવસ્થાપકોને અંક મોકલવામાં સરળતા રહે.

(૩) "ૠતમ્ભરા" ને લગતો પત્રવ્યવહાર નીચેના સરનામે કરવો.
શ્રી નૈષધભાઈ સી. વ્યાસ
૩, ગંગાધર સોસાયટી, રામબાગ પાછળ,
મણીનગર, અમદાવાદ - ૩૮૦ ૦૦૮.

**પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી સાથેનાં સંસ્મરણો તથા પ્રેરક પ્રસંગો આવકાર્ય છે.**

આદ્યસંસ્થાપક તથા
આધ્યાત્મિક વડા પ. પૂ.
ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી

PRINTED & PUBLISHED BY :-
Dr. S. S. Bhikshu for
AUMGURU PREMSAMARPANDHYANBHIKSHU PARIVAR TRUST
1/A, Paliadnagar Society, Naranpura, Ahmedabad - 380 013.
Printed at : Navprabhat Printing Press, Ahmedabad - 1.
Hon. Editor : Naishadh C. Vyas
( Reg. No. E/4416 Date 11-5-81
I.T.E.U. 80-g No. H.Q.-III 33-117/89-90 Up To March 1992 )

Registrar of News Papers of India under Regd. No. 48770/90

PRINTED BOOK

205

To,